Acknowledgement

## નિવેદન

કચ્છ જિલ્લાના ઐતિહાસિક ગામ અંજારમાં એક ખેડૂત પરિવારમાં જન્મ્યો અને ગામની જ નિશાળમાં ભણ્યો. ત્યારે તો સ્વપ્નમાં પણ ક્યાંથી હોય કે પીએચ.ડી.ની પદવી માટેનો શોધનિબંધ હું લખી શકીશ ! મારાં અભણ માતા-પિતાને મન શિક્ષણનો ઘણો મહિમા એટલે બાળકોને ભણવામાં રુચિ વધારવા માટે જે કંઈ કરી શકાય તે બધું જ કરી છૂટે. એમનાં પ્રેરણા અને પ્રોત્સાહનથી હું ભણ્યો અને પરિણામે H.S.C.માં કચ્છ જિલ્લામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો. મારાં કુટુંબીજનો તો રાજીના રેડ થઈ ગયા.

આદિપુરની તોલાણી કૉલેજમાં બી.એ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ્યો ત્યાં સુંદર વાતાવરણ અને મિત્રો મળ્યા. મારી અભ્યાસ પ્રત્યેની રુચિ વધતી ગઈ અને ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી. મારા મોટાભાઈએ મને I.A.S.ની તૈયારી કરવા વડોદરા મોકલ્યો. વિશાળ દરિયામાં આવી પડ્યો હોઉં એવું શરૂઆતમાં અનુભવ્યું. સાહિત્ય પ્રત્યેના મારા પ્રેમને કારણે ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ આર્ટ્સના ગુજરાતી વિભાગમાં એમ.એ.પાર્ટ-૧ માટે ફોર્મ ભર્યું. પ્રવેશ મળી ગયો એને હું મારું સદ્ભાગ્ય ગણું છું. અભ્યાસ માટેનાં પુસ્તકો લાયબ્રેરીમાંથી ન મળતાં ત્યારે હતાશ થઈ જતો પણ વિભાગના અધ્યાપકોએ મને અંગત પુસ્તકો આપી મદદ કરી જે હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. વર્ગખંડમાં એકધ્યાને ભણવાનો મને લ્હાવો તો મળ્યો જ સાથે સાથે સતત પ્રોત્સાહિત કરતું અને સંકોરતું રહેતું વિભાગનું વાતાવરણ મળ્યું તેથી મહેનત કરવાની ચાનક વધી ગઈ, મારો આત્મવિશ્વાસ અનાયાસ વધવા લાગ્યો. મને લાગે છે કે મહેનતનું પરિણામ મળ્યા વિના રહેતું નથી.

વર્ષ ૨૦૦૨માં એમ.એ. પાર્ટ-૨ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થયો ત્યારે તો આનંદની સીમા ન રહી. ઉચ્ચ અભ્યાસ કરવાની ધગશ આપોઆપ વધતી ગઈ. એ જ વર્ષે યુ.જી.સી.ની 'નેટ' પરીક્ષા પાસ કરી અને મને ફેલોશીપ મળી, પીએચ.ડી.ની ડીગ્રી મેળવવાની મારી ઝંખના બળવત્તર બની જેના પરિણામે આ શોધનિબંધ.

જ્યારે હું એમ.એ.પાર્ટ-૨માં ભણતો હતો ત્યારે ડૉ.સુધાબહેન પંડ્યાએ ઘણા વિદ્યાર્થીઓને વર્ગમાં પૂછ્યું હતું કે 'આગળ શું કરવાનું વિચારો છો ?' મેં ખૂબ જ બીતાં બીતાં જવાબ આપેલો કે 'પીએચ.ડી.નો અભ્યાસ કરી હું અધ્યાપક બનવાની મહેચ્છા રાખું છું.' સુધાબહેને મને એમના પીએચ.ડી.ના વિદ્યાર્થી તરીકે સ્વીકાર્યો એ મારે માટે ગૌરવની ઘટના છે. વિષય પસંદગી માટે ઘણો વિચાર કર્યો અને અનેક સઘન ચર્ચા બાદ 'ગુજરાતી દલિત કથાસાહિત્ય' પર સંશોધન કરવાનું નક્કી કર્યું. આરંભમાં સીમિત લાગતો વિષય ખૂબ જ વ્યાપવાળો નીકળ્યો. સમગ્ર ભારતીય દલિત સાહિત્યમાંથી પસાર થતાં વર્ષોથી ઉવેખાયેલા રહેલા આ દલિત સમાજ પરના દમનની નક્કર વાસ્તવિકતાઓ ઊઘડતી ગઈ અને અંદરથી હચમચી જવાયું. વાંચતાં વાંચતાં કેટલી વાર આંખો ભીની થઈ એનો મેં હિસાબ રાખ્યો નથી.

સુધાબહેન એમની અનેકવિધ જવાબદારીઓનું વહન કરતાં હોવા છતાં મારા લખાણને સાદ્યંત તપાસી જતાં, ઘણાં મૂલ્યવાન સૂચનો કરતાં ગયાં, એ ધ્યાનમાં રાખીને હું મારી રીતે સમજણપૂર્વક

વધારોઘટાડો કરતો ગયો, વારંવાર લખતો ગયો. આજે મને ખ્યાલ આવ્યો કે આરંભમાં સહેલું લાગતું હતું એ કાર્ય પૂર્ણ કરતાં કેટલી વીસે સો થાય છે. એક લીટી પણ બરાબર ન હોય ત્યાં સુધી સુધાબહેન આગળ વધવા ન દેતાં. સંશોધનની સાચી શિસ્ત મને મારાં માર્ગદર્શક પાસેથી શીખવા મળી. એમની સાથે વિતાવેલા સમયની ક્ષણોમાં મારી વૈચારિક ભૂમિકાને ઘણો વ્યાપ સાંપડ્યો અને સંવેદનાત્મક ક્ષિતિજોને વિસ્તરવાની મોકળાશ મળી. એમના સમગ્ર પરિવાર તરફથી મને પ્રેરણા, હૂંફ અને પ્રોત્સાહન મળ્યાં છે એને જીવનપર્યંત હું સાચવીને રાખીશ.

મેં પીએચ.ડી. કરવાનું વિચાર્યું ત્યારથી વિષયપસંદગીથી માંડીને શોધનિબંધની પૂર્ણતા સુધી તન, મન, ધનથી મને મદદ કરી, હરેક પળે પ્રોત્સાહિત કરનાર ગુરુવર્ય ડૉ.ભરત મહેતા માટે શું કહું તે મને સમજાતું નથી. મારી આ સંશોધનયાત્રા દરમિયાન ઘણીવાર મૂંઝાયો છું, નિરાશ થયો છું, અટકીને ઊભો છું અને લથડિયાં ખાતાં ક્યારેક ચાલ્યો છું, એ બધી જ ક્ષણોના ભરતભાઈ સાક્ષી છે. મારી ફેલોશીપના પૈસા સમયસર ન મળ્યા ત્યારે એમણે ચિંતા કરી છે. એમનાં ધર્મપત્ની નિવ્યાબહેને પણ મને જે પ્રેમ અને ઉષ્મા આપ્યાં છે તે હું ક્યારેય ભૂલી નહિ શકું. આભાર કેવી રીતે વ્યકત કરું એ જ મારી અકળામણ છે.

ગુજરાતી વિભાગના મારા અન્ય ગુરુવર્યો, ડૉ.લવકુમાર દેસાઈ, ડૉ.સિતાંશુ યશશ્ચન્દ્ર, ડૉ.અરુણા બક્ષી, ડૉ.શિરીષ પંચાલ, ડૉ.રમણ સોની, ડૉ.નીતા ભગત, ડૉ.જયેશ ભોગાયતા, ડૉ.ભારતી દલાલ આ સૌએ મને પ્રત્યક્ષ-પરોક્ષ માર્ગદર્શન આપ્યું છે અને વધારે મહેનત કરવા પાનો ચઢાવ્યો છે. મારા શોધનિબંધની પૂર્ણતામાં એમની શુભેચ્છા અને આશીર્વાદનું સૌથી મોટું યોગદાન છે એમ હું માનું છું. સૌને અંતઃકરણપૂર્વક પ્રણામ કરું છું.

શ્રી હરીશ મંગલમ્‌ને હું વારંવાર મળતો અને વિષય અન્વયે ચર્ચા કરતો. એમણે મને ઘણા મુદ્દા સમજાવ્યા છે અને મારે ઉપયોગી લેખો તથા પુસ્તકો આપ્યાં છે. દલિત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થતા 'હયાતી' સામયિકમાં એમણે મારા લેખો છાપી મને પ્રોત્સાહિત કર્યો છે તો અકાદમી દ્વારા આયોજિત પરિસંવાદોમાં ભાગ લેવા પ્રેરણા આપી સગવડ કરી આપી છે. આ ક્ષણે એમનો આભાર હું ન માનું તો કેમ ચાલે ? દલિત સાહિત્ય અકાદમીએ એમના દ્વારા પ્રકાશિત થયેલાં લગભગ બધાં પુસ્તકો મને ભેટ આપ્યાં છે. હું એના હોદ્દેદારોનો ખૂબ આભારી છું.

આ સમયગાળામાં મને અન્ય સાહિત્યકારોને મળવાનો પણ મોકો મળ્યો. જેમની સર્જનકૃતિઓનો અભ્યાસ હું આ સંશોધનગ્રંથમાં કરવાનો છું એમાંના ઘણા- જોસેફ મેકવાન, દલપત ચૌહાણ, મોહન પરમાર, જયંત ગાડીત, ધરમાભાઈ શ્રીમાળી, ચંદુ મહેરિયા, ભી.ન.વણકર-બધાંની સાથે વારંવાર ચર્ચાઓ કરી કૃતિઓનાં ઊંડાણોમાં ઊતરવાની ખૂબ મજા આવી, સાથે સાથે એમની સર્જનપ્રક્રિયાની મથામણો વિશે માહિતી મળી એ મારી ધન્ય ક્ષણો હતી.

અગ્રણી હિન્દી સાહિત્યકાર મોહનદાસ નૈમિશરાય સાથે હિન્દી દલિત સાહિત્યની ગતિવિધિ વિશે મારે વિસ્તારથી ચર્ચા થઈ છે. એમણે વડિલની અદાથી મને ઘણું સમજાવ્યું છે અને પ્રેમથી પસવાર્યો છે. એ ઘડી મારે માટે અમૂલ્ય બની રહેશે.

શોધનિબંધના પ્રૂફવાચનકાર્યમાં મિત્ર જયંત ઉમરેઠિયાએ મદદ કરી તો સંદર્ભગ્રંથ સૂચિ તૈયાર કરવામાં શીતલ જોશી અને રાજેશ વણકરે દોસ્તી નિભાવી છે. સહજાનંદ કોમ્પ્યુટરવાળા પિંકલ પુરોહિત અને પ્રતીક પુરોહિતે શોધનિબંધનું મુદ્રણકાર્ય સુઘડતાપૂર્વક સ્નેહશ્રમ લઈને કરી આપ્યું અને વિનયભાઈ પંડ્યા અંગૂલિનિર્દેશ કરી એ કાર્યમાં નિમિત્ત બન્યા તેથી સૌનો આભાર માનું છું.

યુ.જી.સી.ની ફેલોશીપ પ્રાપ્ત થઈ એ કારણે ચાર વર્ષ આર્થિક રીતે મુશ્કેલીઓનો સામનો ન કરવો પડ્યો અને પુસ્તકો, લેખો તથા અન્ય સામગ્રી વસાવી શકયો તે અંગે આનંદ વ્યકત કરું છું. ગુજરાતી વિભાગના મિત્રો તથા મારી સાથે અભ્યાસ કરતા સાથીઓની શુભકામનાઓ મને ફળી છે જેથી હું આ કાર્ય પૂર્ણ કરી શકયો છું.

અંતે માતા-પિતા, ભાઈ-ભાભી, સૌ કુટુંબીજનો અને મારા હિતચિંતકોને હૃદયપૂર્વક મનોમન સ્મરીને હું આ શોધનિબંધ રજૂ કરું છું.

કાન્તિલાલ કરસનભાઈ માલસતર

તારીખ : ૨૯/૦૬/૨૦૦૭

સ્થળ : વડોદરા